## જાહેર નિવિદા

### સ્ટુડન્ટ સ્ટોરની સુવિધા પૂરી પાડવા અંગે

ટેકનિકલ શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ ખાતે **સ્ટુડન્ટ સ્ટોરની** સુવિધા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી./રૂબરૂ થી **"પૂર્વ લાયકાત"** અને **"ભાવપત્રક"** ના ટેન્ડર **ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.**

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે **તા. ૦૭-૦૧-૨૦૧૯ થી તા. ૦૬-૦૨-૨૦૧૯** સુધીમાં રજાના દિવસો સિવાય સરકારી ઇજનેરી કોલેજ, મવડી - કણકોટ રોડ, રાજકોટ કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ ના નામનો રૂ.૧૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) અથવા સંસ્થા ખાતે એકાઉન્ટ સેકશનમાં રોકડેથી ચુકવવાથી ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઇ પણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઇપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઇચ્છા ધરાવતી એજન્સીઓ ટેન્ડર ફોર્મ મેળવવા આવે ત્યારે કચેરીની મુલાકાત લઇ કામનો પ્રકાર, કચેરીનો વિસ્તાર વગેરેથી સુમાહિતગાર થઇ શકશે.

કવર-1 ની ઉપર "પૂર્વ લાયકાત માટેનું કવર" લખવું અને કવર-2 ની અંદર માત્ર ભાવપત્રક મૂકવું (કવર-2 ઉપર " ભાવપત્રક માટેનું કવર " લખવું) આ બંને કવર બંધ કરી ને કવર-3 માં મૂકવા અને કવર-3 ઉપર **"સ્ટુડન્ટ સ્ટોરની** સુવિધા પૂરી પાડવા માટેનું ટેન્ડર" એમ લખીને તા. ૦૬-૦૨-૨૦૧૯ ના રોજ સાંજે ૦૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે પૂર્વ લાયકાતનાં કવર તા.૧૧-૦૨-૨૦૧૯ નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે ખોલવામાં આવશે અને ત્યારબાદ લાયકાત ધરાવતી એજન્સી નાં ભાવપત્રકનાં કવર તા.૧૪-૦૨-૨૦૧૯ નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે સરકારી ઇજનેરી કોલેજ, મવડી-કણકોટ રોડ, રાજકોટ ખાતે ખોલવામાં આવશે.

**સ્થળ:** રાજકોટ
તારીખ:

આચાર્યશ્રી,
સરકારી ઇજનેરી કોલેજ,
રાજકોટ.

આચાર્ય,
સરકારી ઇજનેરી કોલેજ,
રાજકોટ.

આચાર્ય,
સરકારી ઇજનેરી કોલેજ,
રાજકોટ.